# દેહાંત દંડ આપવા માટે કઇ પધ્ધતિ વધુ યોગ્ય?

દેહાંતદંડ એટલે મોતની સજા હોવી જોઇએ કે નહીં તે એક ચર્ચાનો વિષય લાંબા સમયથી રહ્યો જ છે, ત્યારે હાલમાં ફરીથી એ બાબત ચર્ચામાં આવી છે કે મોતની સજા પામેલા કોઇ અપરાધીને મૃત્યુદંડ કઇ રીતે આપવો જોઇએ? અતિ જઘન્ય અપરાધોના દોષિતોને દેહાંત દંડ આપવામાં આવે છે, જો કે દુનિયાના કેટલાક દેશોએ મોતની સજા આપવાનું બંધ કરી દીધું છે. મોતની સજાના તરફેણકારો અને વિરોધીઓ પોત પોતાની રીતે દલીલો કરતા રહે છે. આજે અહીં ચર્ચાનો મુદ્દો આ નથી. ચર્ચાનો મુદ્દો એ છે કે દેહાંતદંડ કઇ રીતે આપવો?

હાલમાં સુપ્રીમ કોર્ટમાં આ બાબતે એક અરજી પર આદેશ આવ્યો જેણે ફરી આ બાબતે ચર્ચા પ્રેરી છે. સુપ્રીમ કોર્ટે ગયા મંગળવારે ફાંસી આપીને મૃત્યુદંડની સજા આપવાની પ્રથાને નાબૂદ કરવા અને તેને બદલે ઝેરી ઇન્જેક્શન જેવા વિકલ્પો અપનાવવાની માગણી કરતી અરજી ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે તેમની સમક્ષ રજૂ કરાયેલા પુરાવા એ સાબિત નથી કરતા કે મૃત્યુદંડની સજા માટે ઝેરનું ઇન્જેક્શન એ ફાંસી આપવા કરતાં વધુ સારી પધ્ધતિ છે.

હાલમાં આપણા દેશમાં કાયદા મુજબ જ્યારે કોઇ વ્યક્તિને સજા-એ-મોત સંભળાવવામાં આવે છે, ત્યારે તેને મૃત્યુ ન થાય ત્યાં સુધી ગળામાં ફાંસી આપીને લટકાવી રાખવાનો આદેશ આપવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ રિટ અરજી ફગાવી દેવાનો અર્થ એ નથી કે ભવિષ્યમાં તેની બંધારણીય ચકાસણી નહીં થઈ શકે. જો ભવિષ્યમાં એવા કોઈ વૈજ્ઞાનિક, તબીબી કે વ્યવહારિક પુરાવા સામે આવે જે દર્શાવે કે 1983ના દીના કેસના ચુકાદાનો આધાર નવા વિકાસના કારણે બદલાઈ ગયો છે, તો તેની તપાસ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ૧૯૮૩માં પણ સુપ્રીમ કોર્ટ ફાંસીની સજાને માન્ય રાખી ચુકી છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે આ ચુકાદો કેન્દ્ર સરકારને એક નિષ્ણાત સમિતિ દ્વારા ફાંસીની હાલની પદ્ધતિની વ્યાપક સમીક્ષા કરવાથી રોકતો નથી, જેથી એ ચકાસી શકાય કે બિનજરૂરી પીડા ઘટાડીને કેદીની ગરિમા જાળવી રાખવા માટે કોઈ અન્ય વિકલ્પ વધુ યોગ્ય છે કે નહીં. કોર્ટે કહ્યું, આવી કોઈ પણ પ્રક્રિયા સંપૂર્ણપણે કારોબારી અને સંસદના ક્ષેત્રમાં આવે છે અને ભવિષ્યના વૈજ્ઞાનિક અથવા તકનીકી વિકાસને ધ્યાનમાં રાખીને નીતિગત બાબત તરીકે કરી શકાય છે. વાત બરાબર છે. જો કોઇ ઓછી પીડાદાયક દેહાંતદંડની પધ્ધતિ શોધાય તો ભવિષ્યમાં તે અપનાવી શકાય છે. સુપ્રીમે આ ચુકાદો વરિષ્ઠ વકીલ ઋષિ મલ્હોત્રા દ્વારા 2017માં દાખલ કરવામાં આવેલી અરજી પર આપ્યો હતો, જેમાં ફાંસીની સજા આપવાની હાલની પદ્ધતિને કાયદામાંથી દૂર કરવાની માગ કરવામાં આવી હતી.

કોર્ટે કહ્યું કે અરજદારે એ વાત પર ખૂબ ભાર મૂક્યો હતો કે ફાંસીની પદ્ધતિ શારીરિક રીતે અત્યંત દર્દનાક અને માનસિક રીતે આઘાતજનક છે, પરંતુ આ દલીલને સમર્થન આપે તેવા કોઈ નક્કર વૈજ્ઞાનિક કે વ્યવહારિક પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. બેન્ચે કહ્યું કે રેકોર્ડ પર એવી કોઈ નક્કર વૈજ્ઞાનિક સામગ્રી નથી જે સંતોષ આપી શકે કે ઝેરી ઇન્જેક્શન દ્વારા મૃત્યુદંડ આપવો એ ફાંસી કરતાં વધુ માનવીય અથવા ચડિયાતી પદ્ધતિ છે. 2003માં લો કમિશનના 187મા અહેવાલમાં કરાયેલી નિરીક્ષણ અંગે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ફાંસીની પદ્ધતિમાં ખૂબ જ યાતના અને પીડા થાય છે, ખંડપીઠે કહ્યું કે અમે માત્ર એટલું નોંધવા માંગીએ છીએ કે લો કમિશનના અહેવાલમાં કરાયેલી ભલામણો માત્ર સલાહરૂપ છે. એટોર્ની જનરલ દ્વારા કરવામાં આવેલી દલીલમાં બેન્ચને યોગ્યતા જણાઈ હતી કે અરજદાર હાલના કાયદાકીય માળખા હેઠળ ભારતમાં એક પણ એવી ઘટના દર્શાવવામાં નિષ્ફળ રહ્યા છે જ્યાં ફાંસી આપવામાં કોઈ ગંભીર ખામી કે ભૂલ રહી ગઈ હોય. એનાથી વિપરીત, આ કેસમાં રજૂ કરાયેલી સામગ્રી પોતે જ દર્શાવે છે કે અમેરિકામાં, જ્યાં ઘણા રાજ્યોમાં ઝેરી ઇન્જેક્શન અપનાવવામાં આવ્યું છે, ત્યાં ઈન્જેક્શન આપવાની પ્રક્રિયા નિષ્ફળ ગઈ હોય કે ભૂલ ભરેલી રહી હોય તેવા અનેક કિસ્સાઓ બન્યા છે એમ સુપ્રીમ કોર્ટે કહ્યું. ફાંસી આપવાની જુદી જુદી પધ્ધતિઓ જુદા જુદા દેશોમાં અમલી છે. કેટલાક દેશોમાં તો શિરચ્છેદ પણ કરવામાં આવે છે, તો કેટલાક દેશોમાં અપરાધીને ફાયરિંગ સ્ક્વોડ સામે ઉભો રાખીને ગોળીઓથી ઠાર કરાય છે. આમ તો દેહાંતદંડ પોતે જ એક ટાળવા જેવી બાબત છે પરંતુ જો તેનો અમલ યોગ્ય માનવામાં જ આવતો હોય તો કઇ પધ્ધતિ યોગ્ય તે અંગે ચર્ચાઓ ચાલુ જ રહેશે.

## ઈશ્વર ઈચ્છા પૂરી કરે છે

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

બાઈબલમાં આ વાત આવે છે..જંગલમાં ત્રણ વૃક્ષ હતા ...એક દિવસ આ વૃક્ષો પોતાની મનની ઈચ્છાની વાત કરી રહ્યા હતા .પહેલાં વૃક્ષે કહ્યું ‘હું સુંદર નકશીદાર કામ કરેલો પટારો બનવા માંગું છું..જેની અંદર અણમોલ હીરા મોટી સચવાય..’ બીજા વૃક્ષે કહ્યું ‘હું એકદમ મજબુત વહાણ બનવા માંગું ચુ જે ડુબે નહિ અને તેમાં રાજા રાણીઓ દુર દુર સુધી સાગર પ્રવાસ કરે..’ ત્રીજા વૃક્ષે કહ્યું, ‘હું તો જંગલનું સૌથી મોટું વૃક્ષ બનવા માંગું છું ..એટલું ઊંચું થવા માંગું છું કે જાણે ઉપર આકાશમાં સ્વર્ગ સુધી ડોકિયું કરી ઈશ્વરને મળી લઉં ..જોઈ લઉં.

વૃક્ષો રોજ પોતાની આ ઇચ્છાઓની વાત કરતા ...એક દિવસ કઠિયારા આવ્યા ...પહેલાં બે વૃક્ષો તો હસતાં હસતાં કપાયા ...કે અમારી ઈચ્છા પૂરી થશે .... પણ જયારે ત્રીજા વૃક્ષને કપાવા પર ખુબ જ દુઃખ થયું કારણ તેની ઇઅછ્હ તો અહીં જ મરી ગઈ ...પહેલાં વૃક્ષને સુથ્રને ત્યાં ..બીજા વૃક્ષને નૌકા બનાવનારને ત્યાં અને ત્રીજા વૃક્ષને લાકડાની વખારમાં વેચવામાં આવ્યા.......સુથારે પહેલા વૃક્ષમાંથી સોના ચાંદી ભરવાનો પટારો નહિ પણ પશુઓને ચારો ભરવાની પેટી બનાવી ......બીજા વૃક્ષમાંથી વહાણ નહિ પણ સાવ સાદી નાની નૌકા બની ...ત્રીજા લાંબા વૃક્ષના મોટા મોટા થાંભલા બનાવવાના ટુકડા બન્યા...ત્રણે વૃક્ષોની ઈચ્છા અદુરી રહી.

એક દિવસ ચારો બનવાની પેટી બનેલુ વૃક્ષ મનમાં દુઃખી થતું હતું ,,ત્યરેજ ત્યાં એક દંપતી આવ્યું ..તેમના હાથમાં એક નવજાત બાળક હતું ..તેમણે તે બાળકને પેલી ઘાસ ભરેલી પેટીમાં સુવાડ્યું ....અને તે વૃક્ષને સૌથી અણમોલ વસ્ત પોતાની અંદર રહે તે ઈચ્છા પૂરી થઇ કારણ બાળક અણમોલ હતું ..બાળ ઈશુ

આગળ જતાં ઈશુ પોતાના સાથીદારો સાથે સાગર પાર પેલી બીજા વૃક્ષમાંથી બનેલી સાદી નૌકામાં જતાં હતા. દરિયામાં તોફાન જેવી પરિસ્થિતિ થઇ ..નૌકા નાની હતી ..તોફાન સામે લડી શકે તેમ ન હતી ...સાથીઓએ ઈશુને કહ્યું, હવે શું થશે ?’ઈશુએઉભા થઇ પવનને હાથ બતાવી રોકી દીધો અને તોફાન શાંત થઇ ગયું.બીજા વૃક્ષની ઈચ્છા વહાણ બની રાજા રાણીઓને પોતાની અંદર બેસાડવાની હતી...અત્યારે દુનિયાનો રાજા ભગવાન તેની અંદર સવાર હતો.

ત્રીજા વૃક્ષને સૌથી ઊંચા બની સ્વર્ગની ઝાંખી કરવી હતી ઈશ્વરને જોવા હતા ..તે ત્રીજા વૃક્ષના લાકડાના થાંભલા પર જ ભગવાન ઈશુણે વધ સ્તંભ પર જડી દેવામાં આવ્યા હતા .ઈશ્વર તેની એકદમ પાસે હતા. આમ ઈશ્વરે ત્રણે વૃક્ષોની ઈચ્છા પૂરી કરી હતી.

# ગુજરાતમાં કોમનવેલ્થ પહેલાં શાળા કોલેજોમાં વ્યાયામ શિક્ષકની ભરતી થશે? કે ગેમ થશે?

શિક્ષણ-સંસ્કાર
કાર્તિકેય ભટ્ટ

**આપણે આયોજનમાં ધંધો શોધીએ છીએ પણ ગુજરાતમાં રમતગમત પ્રત્યેનો અભિગમ વિકસે તેનો પ્રયત્ન નથી કરતા**

હાથ ઊંચે, નીચે, બાજુ, સામે.....દર શનિવારે ગુજરાતી શાળાઓમાં સવારે પ્રથમ તાસ અંગ કસરતનો હતો.

શાળાઓનાં મેદાનમાં સૌ વિદ્યાર્થીઓ વ્યાયામ શિક્ષકના આદેશોનું પાલન કરતાં. જેમાં મજાક મસ્તી ટીખળ પણ હતી જ. સ્કૂલ કોલેજોમાં રમતગમત હવે સ્વપ્નવત્ થઈ ગયું છે. હજુ નાનાં સેન્ટરોમાં શાળાઓ પાસે મોટાં મેદાનો છે પણ શહેરોમાં જગ્યા ચોરસ મીટરના ભાવે મપાય છે એટલે સ્કૂલોને મેદાનો પોષાતાં નથી અને જેને એ અત્યંત જરૂર છે તેવી પ્રાથમિક શાળાઓ શોપિંગ સેન્ટરોમાં ચાલે છે એટલે તેની પાસે મેદાનો છે જ નહીં. મેદાન નથી એટલે મેદાનમાં રમાય તેવી રમતો નથી. આપણા સમાજજીવનમાં બાળકને ડોક્ટર, એન્જિનિયર બનાવવા માંગતાં મા-બાપ બાળકો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં “સમય બગાડે” તે ઈચ્છતાં નથી. કોલેજોમાં તો વચ્ચે સપ્ત ધારાનો અલગ જ પ્રવાહ ચાલેલો. એક અધિકારીના માનસ સંતાન જેવી આવી પ્રવૃત્તિઓ કોલેજોના યુવક મહોત્સવ અને રમતગમત મહોત્સવથી સમાંતર ચાલી જે અધિકારી બદલાતાં મૃતઃપ્રાય થઈ અને તેને વર્ષોથી ચાલતા યુવક મહોત્સવ અને રમતગમત સ્પર્ધાઓને પણ નુકસાન પહોંચાડ્યું. કોલેજોમાં તો મૂળમાં વિદ્યાર્થીઓ હવે ભણવા જ નથી આવતાં તો આવી ઈતર પ્રવૃત્તિઓમાં ક્યાંથી આવે. સ્કૂલોમાં પણ સાયન્સ પ્રવાહનાં વિદ્યાર્થીઓ જાન્યુઆરીથી સ્કૂલમાં આવવાનું બંધ કરી દે છે એટલે આ ઈતર પ્રવૃત્તિ માટે શ્રેષ્ઠ એવા શિયાળાના આ બે મહિનામાં હવે સ્કૂલોમાં કાંઈ થતું નથી.


મીડિયા અને નવી બજારુ સમજણના પ્રતાપે ગુજરાતના શાળાજીવનમાં ચાલતી કેટલીક જીવનઘડતરની બાબતોનો છેદ ઊડી ગયો છે અને સમજુ શિક્ષકો હવે નવી માથાકૂટ ઊભી કરવા માંગતા નથી એટલે એક બાજુ અત્યંત ક્રૂર રીતે વિદ્યાર્થી સાથે મારપીટ કરતાં શિક્ષકો સંચાલકોના કિસ્સા સામે આવે છે તો બીજી બાજુ એ પુસ્તકના જ્ઞાનથી સંતોષ માનનારાં શિક્ષકો વધતાં જાય છે, બાકી જૂના સમયમાં વિદ્યાર્થીને

થતી શિક્ષા પણ તેના ઘડતરનો જ એક ભાગ હતી જેમકે અંગુઠા પકડવા. ઉભડક બેસીને કાન પકડવા, હાથ ઊંચા રાખીને ઊભા રહેવું. મેદાનમાં બે ત્રણ ચક્કર કાપવા. આ તમામ પ્રવૃત્તિ દેખીતી રીતે સજા હોવા છતાં શરીરને ખડતલ બનાવવામાં મદદરૂપ થતી. હા, મૂળ પ્રશ્ન પ્રમાણ માપનો છે. આવું જ શિક્ષણેતર પ્રવૃત્તિઓનું છે. ચિત્રકામ એ ચીવટ, સર્જનાત્મક અને ધીરજના ગુણ વિકસાવે છે. વકતૃત્વ સ્પર્ધા વિષય, સમજણ, તર્કશક્તિ અને વક્તવ્ય સ્કીલ વિકસાવે છે. શિક્ષણ એ સર્વાંગી વિકાસની પ્રક્રિયા તો જ બને, જો બાળકમાં કલ્પનાશીલતા વિકસે. સાહસ વિકસે. શારીરિક પરિશ્રમની ટેવ પડે. આપના શાળા જવાથી આ બધું જ નાશ પામ્યું છે. સરકાર વાતો તો મોટી મોટી કરે છે પણ શાળામાં શારીરિક શિક્ષણનાં શિક્ષકો નથી. ચિત્ર અને સંગીતના શિક્ષકો નથી. કોલેજોમાં ઘણા સમયથી શારીરિક શિક્ષણનાં શિક્ષકો નથી. ગુજરાત કોમનવેલ્થનું આયોજન કરવાનું છે. ગુજરાતમાં કોઈ બાળક કે યુવાનને સ્પર્ધાઓ માટે તૈયાર કરવાની ક્યાંય વ્યવસ્થા નથી. આપણે આયોજનમાં ધંધો શોધીએ છીએ પણ ગુજરાતમાં રમતગમત પ્રત્યેનો અભિગમ વિકસે તેનો પ્રયત્ન નથી કરતા. વાલીઓને જ બાળક ભણવા સિવાય કશાયમાં જોડાય તેમાં રસ નથી એટલે શાળા કોલેજના સંચાલકોને લાધું ફાવ્યું છે. આવનારા સમયમાં ગુજરાતમાં કોમનવેલ્થ ગેમ યોજાવાની છે. આ માટે રસ્તા. હોટલો.રમતના મેદાનો પાછળ કરોડો ખર્ચાશે પણ શાળા કોલેજોમાં રમત ગમત તૈયાર કરાવનારા શિક્ષકો અધ્યાપકો ની ભરતી થશે? રમત ગમત પણ કેળવણી અને ઘડતરનો જ એક ભાગ છે. નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની વાત કરે છે ત્યારે શાળા કોલેજોની વાસ્તવિકતા તો જુદી જ છે.

છેલ્લે એક અલગ વાત, ગુજરાતી શાળામાં વર્ગની ઓળખાણ માટે એક સરસ શબ્દ વપરાતો હતોઃ ‘ધોરણ’. ધોરણ ૧, ધોરણ ૨ .ધોરણ ૧૦. આપણા શિક્ષણમાં આ ધોરણ જ ભૂલી જવાયું છે. ધોરણ એટલે સમજણનું સ્તર. આપણે ધોરણો નક્કી કરવાં જોઈએ–ભાષામાં, ગણિતમાં, વિજ્ઞાનમાં. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એ ધોરણો એટલે કે સમજણની કક્ષા હોવી જોઈએ. શિક્ષણને ચોક્કસ સમયગાળા સાથે નહીં, સમજણ સાથે જોડવું જોઈએ. જેને જ્યાં ભણવું હોય ત્યાં ભણે, જેની પાસે ભણવું હોય ત્યાં ભણે, જે રીતે ભણવું હોય એ રીતે ભણે. સરકાર માત્ર પરીક્ષા લે અને ધોરણ તપાસે.આમ પણ બધાને તો ડીગ્રીની જરૂર હોતી નથી. આપણે શું ભણ્યા એ મહત્ત્વનું હોવું જોઈએ, ક્યાં ભણ્યા એ નહીં? આ વાત સરકારને અને સમાજને સમજાય તો શિક્ષણ સુધરે. બાકી, અત્યારે આપણું શિક્ષણ સ્કુલરીક્ષા ને વાનવાળા, ટ્યુશન ક્લાસીસવાળા, ગાઈડોવાળા અને છેલ્લે કાપલીની માઈક્રો ઝેરોક્સ કરી આપનારા ચલાવી રહ્યા છે. તે મૂળભૂત કેળવણી માટે નથી થઈ રહ્યું.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# તું છુપી હૈ કહાં, મૈ તડપતા યહાં..!



મંગલ મસ્તી
રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

**રિટર્ન પૉલિસી નહીં હોવાથી પ્રસાદ સમજીને ચલાવી લેવાનું, બીજું શું..? અમુક સંતોષી પતિ એવા પણ હોય કે, વાઈફને છંછેડે તો જ એને શાંતિ વળે**

કેટલીક ઘટના એવી હોય કે, ઘરની ચાર દીવાલમાં જ ભંડારી દેવી પડે. ખાસ કરીને પતિ-પત્ની કે સાસુ-વહુના ઝઘડાને..! ઝઘડા ચાલતા હોય ત્યારે ઓટલે પણ નહિ નીકળાય. એક તો ઘરમાં તંગ વાતાવરણ હોય, ને બહાર નીકળે તો લોકો ફોલી નાખે કે, “શું થયું યાર..?” આટલેથી અટકતા હોય તો ઠીક, પાછા કહે, “કંઈ કામકાજ હોય તો કહેવાનું, પડોશી શું કામના..?” એના કપાળમાં કાંદા ફોડું, ઉભરો તો એવો આવે કે, “સામેથી વેલણ આવે તો ઝીલવા આવજે.” એવું કહેવાનું મન થઈ આવે..!

દરેકની ઝઘડવાની સ્ટાઈલ અલગ. અમુકને ત્યાં તો, ઈરાનવાળો રોકેટ છોડે એમ રસોડામાંથી વેલણ જ છૂટતા હોય..! પતિને વાગે ત્યારે ખબર પડે કે, આ તો ઈન્ટરકોન્ટિનેન્ટલ મિસાઈલ કરતાં પણ જલદ છે. જેવી જેની વાઈફ, અને જેવા જેવા વાઈફના વ્રત..! પુરુષોના નસીબમાં સારી પત્ની મેળવવાના વ્રતો નહિ આવે ત્યાં સુધી, આપણે તો આવાં જ મનોરંજન માણવાના..! રિટર્ન પૉલિસી નહિ હોવાથી પ્રસાદ સમજીને ચલાવી લેવાનું, બીજું શું..? અમુક સંતોષી પતિ એવા પણ હોય કે, વાઈફને છંછેડે તો જ એને શાંતિ વળે. ડખા થાય તો ભલે થાય, પણ પ્રેમનાં સરોવર છલકાતાં રહેવા જોઈએ, એવું માને..! પ્રેમમાં ઓટ આવે એ પાલવે નહિ. દામ્પત્યના ડખા તો મહાત્મા ગાંધીજી જેવા મહાપુરુષના જીવનમાં પણ થયેલા. ગાંધીજીએ આત્મકથાનાં સંસ્મરણોમાં લખેલું છે કે, એમને પણ કસ્તુરબા સાથે વૈચારિક મતભેદ પડતા ને ઝીણા-ઝીણા ઝઘડા થતા.

એકવાર એવું થયેલું કે, ગાંધીજીએ નિયમ બનાવેલો કે, ઘરનું શૌચાલય સૌએ જાતે જ સાફ કરવાનું. કસ્તુરબાને એકવાર એક મહેમાનનું શૌચાલય સાફ કરવાનું આવ્યું. બાએ તેને સાફ કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો. આ બાજુ ગાંધીજી એટલે સુધારકવાદી અને આગ્રહી સ્વભાવના..! અને કસ્તુરબા એટલે સ્વાભિમાન અને પારંપરિક વિચારો પર અડગ રહેનારાં..! બાના આવા વર્તનથી ગાંધીજી ગુસ્સે થઈ ગયેલા, અને કહી દીધેલું કે, “તમારે આશ્રમના નિયમો પ્રમાણે ના રહેવું હોય, તો તમે આ જ વખતે ઘર છોડીને બહાર જઈ શકો છો..!”

જરાય ડર્યા વગર બાએ સ્વાભિમાન સાથે ગાંધીજીને પરખાવી દીધેલું કે, “તમે મને ઘરની બહાર કાઢવાવાળા કોણ?” વાર્તા અહીં પૂરી થઈ ગયેલી. પણ ચમનાનું કહેવું છે કે, ત્યારથી દુનિયાભરની વાઈફોમાં સશક્તિકરણની વાતનું પ્રાગટ્ય થયેલું. સાચું પૂછો તો, ઝઘડા વગર દામ્પત્યજીવન પણ મોળા દૂધપાક જેવું લાગે. સિંહ અને સિંહણ વચ્ચે પણ ઝઘડા થાય. સિંહણ જો વિફરે તો વનરાજ પણ ઠંડો પડી જાય. પણ, એમનામાં અને આપણામાં ફેર એટલો કે, એ લોકો લગ્ન કરતાં નથી, માત્ર પ્રેમ જ કરે. ત્યારે આપણામાં પહેલાં લગ્ન થાય, અને પછી પ્રેમનું વાવેતર થાય..! શાસ્ત્રોમાં લગ્ન વિષે ભલે સુફિયાણી વાતો બતાવી હોય, બાકી ઝઘડાનું પિયર એટલે દામ્પત્યજીવન..!

આપણામાં તો વળી હનીમૂનના પ્રવાસ પણ આવે. એમાં પણ આજકાલ જોખમ વધી ગયું..! પહાડ ઉપર ગયા હોય તો પહેલા ખીણ જોવી પડે કે, કેટલી ઊંડી છે..? નહીં તો બેના ત્રણ થવાને બદલે એક જ જણ ઘરે આવે, એવું પણ બને.. પ્રિકોશન્સ તરીકે એકમેકને સાંકળવાળી હાથકડી પહેરાવીને જ હનીમૂન ઉપર મોકલવા પડે, એવી હાલત થઈ છે. મુદ્દામાલ પાછો તો આવે..! તમે નિરીક્ષણ કર્યું હોય તો, સિંહણે કોઈ વાઘ સાથે, કે વાઘણે કોઈ સિંહ સાથે ‘ઈલુ-ઈલુ’ કર્યું હોય, એવું સંભળાયું નથી. કુંડળી ગમે એવી સોનવર્ણી હોય, પછી તો એના ઉપર પણ કુંડાળાં ફરવા માંડે. લગ્ન પહેલાં ભલે દસ્તાવેજીકરણ થયું હોય કે, સાત જન્મ સુધી આપણે એકબીજાના સુખ-દુઃખમાં ભાગીદાર રહીશું, પણ દુઃખના ચકરડાં પૈણ્યા પછી જ ફરે એ મોડી ખબર પડે. એટલે તો વડવાઓ કહેતા મૂકી ગયેલા કે, “કુંવારો કોડે મરે, ને પરણેલો પસ્તાય..!”

મગજમાં એવો તો ફાંકો રાખવાનો જ નહિ કે, ‘દામ્પત્યજીવન એટલે હરાભરા કબાબ..!’ એ ભૂતની વાર્તા જેવું છે. માટે કોઈની જાન જતી જોઈને પોતાની જાનને બહુ ઉછાળવી નહિ. મારો ઈરાદો મુદ્દલ એવો નથી કે, કુંવારાનો હોંસલો તોડી પાડવો. પણ “કંઈક પામવા માટે કંઈક ગુમાવવું પણ પડે..!”

“નહીં પિયર, નહીં સાસરે, હનુમાનજીના આશરે રહેવાનું પણ કદાચ આવે.” લગ્નની કુંડળીમાં ભલે ‘અચ્છુ.. અચ્છું’ લખ્યું હોય, પણ હખણા નહિ રહીએ તો વીંછું પણ નીકળે.

માટે “મહીં પડ્યા તે મહા સુખ માણે, ને દેખણહારા દાઝે જો ને..!” એવા ભ્રમમાં રહેવું નહિ..! કુંવારા હોય ત્યારે ટેકરી પર ચઢીને ભલે બરાડા પાડ્યા હોય કે, “મેરે સપનોં કી રાની કબ આયેગી તું..!” એ હૈયા-નાદ પરણ્યા પછી હૈયા-ફાટ પણ બને. ક્યારે બે વાસણ ખખડે, ભરોસો નહિ..! સહેજ પણ વાંકુ પડતાં, વાઈફે ‘પિયરવટુ’ કરી નાખ્યું તો, ઉકરડે ચઢીને લલકારવું પણ પડે કે, “તું છુપી હૈ કહાં, મૈં તડપતા યહાં..!” કસમથી કહું, કુંવારા જેવી કોઈ અવસ્થા જ નહિ મામૂ..! “કોઈ રોકે નહિ, કોઈ ટોકે નહિ..!” એઈઈઈઈ.... ફક્કડ ગિરધારી બનીને ફરવાનું જ આવે. પણ પૃથ્વીને ભરવાની જવાબદારી આપણી રહી, એટલે લગ્ન પણ કરવા પડે. તોઓઓઓ..? પત્ની એક એવું ચલણ છે કે, એના વગર ભાડે કોઈ ઘર પણ નહિ આપે. પહેલા પૂછે કે, પરણેલા છો..? No life without wife..! એકવાર પતિ-પત્ની વચ્ચેનો ભરોસો તૂટ્યો એટલે ખલ્લાસ..! વાઈફ જો પિયર ચાલી ગઈ તો, ‘પોપટ મીઠું’ બની જાય. ફોન આવે તો અભિનય સમ્રાટ બની જાય, અને બંદાની હાલત કામચલાઉ સરકાર જેવી થઈ જાય..! નાકના નસકોરા સંભળાવાને, નસકોરાં પણ આ જ ગીત ગાવા માંડે, “તું છુપી હૈ કહાં, મૈં તડપતા યહાં..!”

**લાસ્ટ બોલ**

ચમનીયાનો વાઈફ સાથે ઝઘડો થતાં ચંચી પિયર ચાલી ગઈ. ચમનીયાએ ફોન જ ના કર્યો. થોડા દિવસ પછી ચંચીનો સામેથી ફોન આવ્યો કે, “કેમ છો બેબી..? તમને મારા વગર ખાવાનું ગળે ઉતરતું ના હશે, નહિ..? ઘડિયાળના કાંટા પણ થંભી ગયા હશે, નહિ..? મારા વગર તમારી હાલત પાણી વગરની માછલી જેવી થઈ ગઈ હશે, નહિ..? બોલો ને..! “તમે મને ક્યારે લેવા આવો છો..? મારી મમ્મી પણ તમને ખૂબ યાદ કરે છે કે, ‘કુમાર કેમ આજકાલ ફોન કરતા નથી?’

“ખાસ જણાવવાનું કે, અહીં હું બધા સાથે ઝઘડી, પણ તમારી સાથે ઝઘડવાની જે મઝા આવે, એવી કોઈ સાથે આવતી નથી..! જો તમે મને લેવા નહિ આવો તો હું મારી મમ્મી સાથે કાલે આવું છું. બિચારી એકાદ મહિનો રહી જાય તો એ પણ થોડી ફ્રેશ થઈ જાય..!” ચમનીયાએ વળતો પ્રહાર કર્યો કે, “મમ્મીને તકલીફ આપવાની જરૂર નથી. ટાઈગર અભી ભી જિંદા હૈ..! હું તને લેવા માટે હમણાં જ નીકળું છું.”

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## નકલી દારૂબંધી

ગુજરાતમાં દારૂબંધી છે એમ કહેવું હવે હાસ્યાસ્પદ લાગે છે. 1949ના ગુજરાત પ્રોહિબિશન એક્ટ દ્વારા દારૂના ઉત્પાદન, વેચાણ, કબજા અને સેવન પર કાયદાકીય પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરંતુ આજે એક ગંભીર પ્રશ્ન ગુજરાતની પ્રજા સામે ઊભો છે–જો ગુજરાતમાં દારૂબંધી છે, તો વારંવાર લઠ્ઠાકાંડ કેમ થાય છે? તાજેતરનો ભાવનગરનો લઠ્ઠાકાંડ આ પ્રશ્નને ફરીથી ગુજરાતની વચ્ચે લાવીને ઊભો કરે છે. અહેવાલો અનુસાર મેથનોલ ભેળવાયેલા નકલી દારૂના સેવનથી અનેક લોકોનાં મોત થયાં અને અનેક લોકો હોસ્પિટલમાં પહોંચ્યાં. 2016માં સુરત જિલ્લાના વરેલી વિસ્તારમાં ફરી ઝેરી દારૂનો કાંડ થયો. મૃત્યુઆંક વધતો ગયો અને અંતે લગભગ 20-21 લોકોનાં મોત થયાં હોવાનું નોંધાયું; અને પછી આવ્યું 2022નું બોટાદ-ધંધુકા લઠ્ઠાકાંડ. તેમાં અંતે 42 લોકોનાં મોત થયાં અને અનેક લોકો બીમાર પડ્યાં. તપાસમાં મેથનોલનો ઉપયોગ કરીને નકલી દારૂ બનાવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું. દારૂબંધી નિષ્ફળ છે કે દારૂબંધીનો અમલ નિષ્ફળ છે? દારૂ પર કાયદાકીય પ્રતિબંધ હોવા છતાં જો ગેરકાયદે દારૂનું નેટવર્ક ચાલતું રહે, જો બુટલેગરો સુધી ઝેરી કેમિકલ પહોંચે, જો ગામડાં અને શહેરોમાં નકલી દારૂ ઉપલબ્ધ રહે અને વારંવાર નિર્દોષ લોકોના જીવ જાય, તો માત્ર કાગળ પરની દારૂબંધીને સફળ કેવી રીતે કહી શકાય?

**બામણિયા - મુકેશ મહેતા**

## ભાષાનું ભૂત સારું ન કહેવાય

ભારત તો વિવિધરંગી દેશ છે. અનેકતામાં એકતા છે. ભાષા વિવિધ - ધર્મ વિવિધ - જાતિ વિવિધ - છતાં સૌ એક થઈ રહે છે કોઈ વિવાદ નહિ.

પણ...! હાલમાં મુંબઈમાં એક વિવાદે સૌ દેશવાસીઓને હેરાન કરી દીધાં છે. તે મરાઠી ભાષા. ઓટો ડ્રાઈવરો કે ટેક્સી ડ્રાઈવરે ફક્ત મરાઠી ભાષામાં જ સંવાદ પેસેંજરો સાથે કરવાનો અને સૌ શીખવા પણ મંડી પડ્યા છે. આમ તો મુંબઈ કોસ્મોપોલિટન શહેર છે. રોજી રોટી રળવા અને આર્થિક-રાજધાની હોવાથી પ્રાંત-પ્રાંતમાંથી સૌ કોઈ આવે છે. ઉત્તરપ્રદેશ કે બિહારથી ઘણાં આવે છે. પણ જો આસામ-કેરળ-મિઝોરમ-મણિપુર-લદાખ-કાશ્મીર (શ્રીનગર) થી આવતાં લોકો શું મરાઠી ભાષામાં જ વહેવાર કરી શકે? વાત વિચારવા જેવી છે. જો અમદાવાદમાં ઓટો ડ્રાઈવરને કહેવામાં આવે કે ગુજરાતીમાં જ બોલવાનું. બંગાળના કલકત્તામાં બંગાળી જ. ભુવનેશ્વરમાં ઓડીસી, બેંગલુરૂમાં તેલુગુ, કેરળમાં મલયાલમ, પંજાબમાં કોંકણી વગેરે વગેરે તો અંધાધૂંધી ફેલાઈ જાય. ઉદ્ધવજી અને રાજ ઠાકરે આ શું સૂઝ્યું કે આવું કરી બેઠા. આ સારું ન કહેવાય. ભારતની રાષ્ટ્રભાષા હિન્દી છે. હા હિન્દી બધાએ જાણવું જરૂરી છે. તે જ ભાષામાં વહેવાર કરી શકે. આવું વિભાજનકારી વલણ સારું તો ન જ કહેવાય. કોઈ એક ભાષાને પ્રાધાન્ય ન આપો તો સારું. વચ્ચે તો કેટકેટલા બિચારાઓને માર ખાવાનો વારો આવ્યો હતો. રાજ ઠાકરેની જોહુકમી વધી ગઈ હતી. આપણો દેશ કોઈ એકભાષી નથી કે શહેરોમાં જે તે ભાષાને પ્રાધાન્ય આપી શકાય. સરળતા માટે રાષ્ટ્રભાષાનું જ્ઞાન દરેકને હોવું જોઈએ.

**સુરત – જયા રાણા**

## બ્રિટિશ યુગ દરમિયાનનાં બાંધકામો

અખબારમાં આવતા સરકાર દ્વારા થતાં તકલાદી બાંધકામો વાંચીને ધ્રૂજી જવાય છે. કેટલાક પુલ તો ઉદ્ઘાટન પહેલાં જ જમીનદોસ્ત થઈ જાય છે ત્યારે એમાં ભારોભાર ભ્રષ્ટાચારની બદબૂ આવે છે. ભ્રષ્ટાચાર હવે જાણે શિષ્ટાચાર બની ગયો હોય એમ લાગે છે. ભારતની પ્રજા 1947 પહેલાંના એટલે કે લગભગ 79 વર્ષો પહેલાંના બ્રિટિશ શાસન દરમ્યાનનાં બાંધકામોને વારંવાર યાદ કરે છે. ફક્ત બ્રિજ કે પુલ જ ધરાશાયી નથી થતા! નેશનલ હાઈ વે પર અસંખ્ય ખાડાઓ જોઈને રોડ અકસ્માત નહીં થાય તેની જાણે ગેરંટી આપે છે. એરપોર્ટમાં પાણી ભરાઈ જાય કે પછી છત તૂટી પડવાના ન્યુઝ પણ વાંચવા મળે છે. રેલવે સ્ટેશન કે બસ ડેપો પર છતમાંથી પાણી ગળતું હોય એવાં દૃશ્યો પણ નજરે પડે છે. જેવી રીતે પેપર લીક થાય છે તેવી જ રીતે ઈમારતો પણ લીક થાય છે. લખનઉ- કાનપુર એક્સપ્રેસવે ની ઘટના પણ તાજેતરની જ છે. નેશનલ અને એક્સપ્રેસ વે પર પ્રજા પાસેથી ટોલ વસૂલવામાં આવે છે પરંતુ રોડનું મેઈન્ટેનન્સ થતું નથી. હલકી ક્વોલિટીના મટીરીયલ અને ભ્રષ્ટાચારને પરિણામે પ્રજાએ ટેક્સ આપવા છતાં મુશ્કેલીઓ ભોગવવી પડે છે. બ્રિટિશ યુગનાં બાંધકામો આટલાં વર્ષો પછી પણ અકબંધ છે કારણ કે એમાં ભ્રષ્ટાચાર થતો નહીં. ભ્રષ્ટ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા પછી ફરીથી એમને નોકરીમાં લઈ લેવામાં આવે છે એટલે હવે એમને કોઈ ડર રહ્યો નથી. રોડ કે પુલ તૂટી જાય ત્યારે ખરાબ બાંધકામને કારણે કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવામાં આવે છે પરંતુ એ જ કોન્ટ્રાક્ટર બીજા નામથી ફરીથી ધંધો શરૂ કરી દે છે. હવે તો લોકો ખુલ્લેઆમ સ્વીકારી રહ્યાં છે કે ભ્રષ્ટાચાર વિના કોઈ સરકારી બાંધકામ થતાં જ નથી. પ્રજા આ બધું જાણે છે છતાં બિચારી લાચાર છે.

**નવસારી -ડૉ. જે. એમ. નાયક**

## પેટ્રોલ માટે શેરડી કે જનતાની થાળી માટે ખાંડ?

પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવાના નિર્ણયને ઊર્જા ક્ષેત્રની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે, પરંતુ તેની પાછળ ઊભા થતા ખાદ્ય સુરક્ષાના પ્રશ્નોને પણ હવે ગંભીરતાથી જોવાનો સમય આવી ગયો છે. દેશમાં ઈથેનોલ ઉત્પાદન માટે મોટા પાયે શેરડીનો ઉપયોગ વધવાથી ખાંડના ઉત્પાદન અને ઉપલબ્ધતા પર દબાણ ઊભું થવાની ચિંતા વ્યક્ત થઈ રહી છે. તેની અસર હવે ખાંડના વધતા ભાવના સ્વરૂપે જોવા મળી રહી છે. જો આ સ્થિતિ યથાવત્ રહે તો આગામી તહેવારો દરમિયાન મીઠાઈ, બેકરી ઉત્પાદનો અને ખાંડ આધારિત અનેક ખાદ્ય ચીજોના ભાવમાં વધારો થવાની શક્યતા છે. ખાંડ, ખાદ્ય તેલ અને અન્ય આવશ્યક ખાદ્ય વસ્તુઓના ભાવમાં વધારો સીધી રીતે સામાન્ય પરિવારના ઘરખર્ચને અસર કરે છે. ખાદ્ય મોંઘવારી વધે ત્યારે સૌથી વધુ અસર મધ્યમ વર્ગ, ગરીબ અને નિશ્ચિત આવક ધરાવતાં પરિવારો પર પડે છે. ભારત અગાઉ ખાંડની નિકાસ કરતું હતું, પરંતુ હવે ખાંડની ઉપલબ્ધતા જાળવવા માટે આયાતની જરૂરિયાત ઊભી થવી એ નીતિ-નિર્માતાઓ માટે ગંભીર ચેતવણી સમાન છે. દેશની ઊર્જા સુરક્ષા મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તેની કિંમત દેશની ખાદ્ય સુરક્ષા ચૂકવે તે સ્વીકાર્ય નથી.

**સુરત - આશિષ ટેલર**

## મહિલાઓ નો પવિત્રા બારસનો મેળો

સુરતમાં જન્માષ્ટમી પર અલગ અલગ જગ્યાએ મેળાઓ ભરાતા હતા. શ્રાવણ મહિનામાં સુરતના ચૌટા બજાર માં મોટા મંદિર ખાતે પવિત્રા બારસ ના દિવસે મહિલાઓ માટે નો ખાસ મેળો ભરાતો હતો, વર્ષો પહેલા મહિલાઓ મોટા મંદિરમાં શ્રીજીને પવિત્રા ચઢાવવા આવતી હતી અને શ્રીજીના દર્શન કરી મોટા મંદિરના મેદાનમાં ભરાતા મેળામાં અચૂક જતી. આ મેળામાં મહિલાઓ ઘર વપરાશની વસ્તુઓ ખરીદી કરતી જેમકે વાસણો , વેલણ ,બાસતી , રોટલી બનાવવાની તાવી વિ. મેળામાં બાળકો માટે રમકડા પણ મળતા હતા, જે બહેનો સાથે આવેલા બાળકો માટે રમકડા ખરીદી કરતા. પવિત્રા બારસ ના મેળામાં એક વિશેષતા હતી કે બહેનો સાથે આવેલા એકબીજાના સગા સંબંધીના જે બાળકો મળતા તેઓને રમકડા અપાવતા. આના કારણે ઘરે જાય ત્યાં સુધીમાં બાળકો પાસે ઘણા બધા રમકડા થઈ જતા. સમય જતા મોટા મંદિર નો આ મેળો મહિલાઓ માટે નો કાયમનું માર્કેટ બની ગયું. આજે પણ ચૌટા બજાર માં આવેલા મહિલાઓનું આ માર્કેટ ‘મોટા મંદિરના માર્કેટ’ તરીકે ઓળખાય છે.

**સુરત -કિરીટ મેઘાવાલા**